ગાંધીનગર સમાચાર
તા. ૬-૧૨-૨૦૧૩, શુક્રવાર

તંત્રી સ્થાનેથી.....

કાશ્મીર મુદ્દે પાકિસ્તાનનો મનસૂબો યથાવત્: 'હવે તો યુદ્ધ એ જ કલ્યાણ?'

અખંડ ભારતનું વિભાજન કરાવી એને નબળું પાડી દેવાની અંગ્રેજ હકૂમતની દાનત મુસ્લિમ લીગના તત્કાલીન નેતા મહમદ અલી ઝીણા ન પારખી શકયા અને મહાત્મા ગાંધી સહિતના તમામ અગ્રણીઓની લાખ સમજાવટ છતાં એ પોતાની જીદ પર અડગ રહ્યા, પરિણામે દેશના બે ટુકડા થયા, જે ધર્મના નામે જ થયા હોવા છતાં ઈતિહાસની સૌથી મોટી લોહિયાળ ઘટના તરીકે બેઉ દેશોને પેઢીઓ સુધી યાદ રહેશે. અહિંસક સત્યાગ્રહના શસ્ત્ર વડે અંગ્રેજને તો હાંકી કાઢી શકાયો પરંતુ જે દેશની આઝાદી માટે યુગપુરુષ મહાત્મા ગાંધીએ આ જગથી જુદેરો રસ્તો કંડાર્યો હતો એ અંદરોઅંદર ધર્મ-સંપ્રદાયના નામે કપાઈ મરી. છેલ્લા વાઈસરૉય લોર્ડ માઉન્ટ બેટન એક વિચક્ષણ રાજપુરુષ હતા. એમણે તો હિંદુસ્તાનને અગાઉની સ્થિતિમાં- જૂની રાજય વ્યવસ્થા મુજબ 'આઝાદ' કરી દીધું. જેને ભારતીય સંઘ સાથે જોડાવું હોય તે જોડાઈ શકે, તે જ રીતે બેઉ રાજકીય પક્ષો- કૉંગ્રેસ અને મુસ્લિમ લીગના મુખ્ય નેતાઓ સાથે પ્રદેશ અને પ્રજાની વહેંચણી મુદ્દે પણ સમજૂતી સધાઈ ગઈ. આ બધી જ કાર્યવાહી ગાંધીજીને અંધારામાં રાખીને કરાઈ હતી. કારણ કે ગાંધીજીએ તો જાહેર કરી દીધું હતું કે દેશના ભાગલા મારા દેહના ભોગે જ થઈ શકશે. પરંતુ પરિસ્થિતિનો તકાદો એવો હતો કે આપણા બે મહાન નેતાઓ- પંડિત નહેરુ અને સરદાર પટેલ પણ ભાગલાની ફૉર્મ્યુલાને અનુકૂળ થઈ ગયા. પ્રશ્ન હતો કાશ્મીરનો. કાશ્મીરમાં મુસલમાનોની બહુમતી હતી પરંતુ જમ્મુ-કાશ્મીરનું જૂનું રજવાડું હિંદુ રાજા હરિસિંહ હસ્તક હતું. વળી જમ્મુમાં હિંદુઓની બહુમતી હતી. મહારાજા હરિસિંહને પાક નેતાઓએ શરૂ શરૂમાં લાલચ આપીને પટાવ્યા, પરંતુ છેલ્લે ત્યાંના મુસ્લિમ નેતા શેખ અબ્દુલ્લાએ કાશ્મીર ભારત સાથે જોડાવા માગતું હોવાની વાત કરી ત્યારે પાકિસ્તાને કબાઈલીઓ મારફત હુમલો કરાવી અડધા કરતાં વધારે ભૂ-ભાગ કબજે કરી લીધો. જેને 'આઝાદ કાશ્મીર' તરીકે ઓળખવામાં આવે છે. કાશ્મીર મુદ્દે રૈનિક કાર્યવાહી નહીં કરતાં એ પ્રશ્ન યુનો પર છોડવામાં આવ્યો, જે આજ પર્યંત ઉકેલી શકાયો નથી. યુનો (સંયુક્ત રાષ્ટ્રસંઘ) સમક્ષ આ પ્રશ્ન પાકિસ્તાન વારંવાર ઉઠાવતું રહ્યું છે. પાકિસ્તાની પ્રજાને કાશ્મીરના મુદ્દે ભારતની વિરુદ્ધ ઉશ્કેરવાની ત્યાંના રાજકીય નેતાઓને ફાવટ આવી ગઈ છે. સમજૂતીથી, મંત્રણા દ્વારા આ સમસ્યા ઉકેલવામાં એમને નામનોય રસ નથી, કારણ કે જો આ પ્રશ્ન એક વાર ઉકેલાઈ જાય તો એને ચૂંટણી મુદ્દો બનાવી પ્રજામાં ઉશ્કેરાટ અને દેશાભિમાન જગાડવાની શકયતા જ ન રહે. આથી કોઈ પણ પાકિસ્તાની રાજકારણીને કાશ્મીર સમસ્યાનો શાંતિપૂર્ણ ઉકેલ આણવામાં રસ નથી, પરંતુ એ મુદ્દો ગરમ રહે એવા કારસા અવારનવાર થતા જ રહ્યા છે. જૂનાગઢના નવાબના વજીર તરીકે કાર્યરત ભુટ્ટોની ચડવણીથી નવાબે જૂનાગઢને પાકિસ્તાન સાથે ભેળવવાનો મનસૂબો વ્યકત કર્યો હતો. આરઝી હકૂમતની પ્રજાકીય લડત પથી નવાબ વજીર એમના વજીર અને કૂતરાઓ સાથે રાત લઈને નાઠા તે પછી એમના શા હાલહવાલ થયા એ તો કોઈ જાણતું નથી, પરંતુ એમના વજીરનો વંશ પાકિસ્તાનના રાજકારણમાં આજસુધી ચાલતો રહ્યો છે. ઝુલ્ફીકાર અલી ભુટ્ટોએ પાક વડાપ્રધાન બન્યા પછી હિંદુસ્તાન સાથે એક હજાર વરસ લડી લેવાની પ્રતિજ્ઞા કરી હતી અને એ જ ભુટ્ટોએ શિમલા આવીને ઈંદિરા ગાંધી સાથે કરાર પણ કર્યા હતા, જે ભારત સાથે કાશ્મીર પ્રશ્નનો ઉકેલ વાટાઘાટોથી જ ત્રીજી પાર્ટીની દખલ વગર કરવાની શરત સામેલ હતી. જનરલ અયુબખાને ભારત સામે યુદ્ધ કરવાની મુખાંમી કરી ત્યારે ભારતીય સેનાએ છેક લાહોર પહોંચી જઈ ત્રિરંગો ફરકાવી દીધો હતો અને જનરલ યાહ્યાખાન સામે થયેલી ભિડંતમાં ભારતે પાકિસ્તાનની આખેઆખી પૂર્વ પાંખ તોડી નાખી એક નવા દેશનું સર્જન કરી આપ્યું હતું. બાંગ્લાદેશની આઝાદી ટાણે નેવું હજાર પાક સૈનિકોએ ભારતીય સેના સમક્ષ શરણાગતિ સ્વીકારી લીધી હતી. જનરલ મુશર્રફે તત્કાલીન વડાપ્રધાન નવાઝ શરીફ ને હાંસિયે ધકેલી દઈ કારગીલ પર હુમલો કર્યો એમાં પણ ભારે ખુવારીને અંતે ભારત જ વિજયી બન્યું હતું. આમ ત્રણ ત્રણ વાર પાકિસ્તાને ધૂળ ચાટવી પડી છે છતાં હજી એની સાન ઠેકાણે આવી નથી. વર્તમાન વડાપ્રધાન નવાઝ શરીફ ને 'શરીફ' માની બેઠેલી ભારતીય પ્રજાને એમણે કાશ્મીર મુદ્દે જૂનો રાગ આલાપી એમનું પોત પ્રકાશી દીધું છે. એ ભારત હસ્તકના કાશ્મીરને એમની હયાતી દરમિયાન 'આઝાદ' કરાવવાના મનસૂબા સેવી રહ્યા છે. એ માટે જરૂર પડે તો ભારત સાથે ચોથી વાર યુદ્ધમાં ઊતરવાની પણ તૈયારી દર્શાવી છે! ભારતીય વડાપ્રધાન મનમોહનસિંહે જડબાતોડ પ્રતિક્રિયા આપતાં જણાવ્યું છે કે મારા જીવતાં પાકિસ્તાન ભારતને એ વાતમાં માલ નથી. બે પાડોશી રાષ્ટ્રોના વડા આમ યુદ્ધની ભાષા બોલવા લાગે ત્યારે સહેજે દહેશત જાહે. શું ખરેખર કાશ્મીર મુદ્દો યુદ્ધ સિવાય ઊકલી શકે એમ જ નથી? જો એમ જ હોય તો રાહ કોની જુઓ છો સરદાર મનમોહનસિંહ?- પહેલો ઘા રાણાનો! કરો કંકુના!

કુડાસણ ખાતે એન.એસ.એસ કેમ્પ દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન

લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર અને એમ.બી. પટેલ ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ દ્વારા આયોજીત એન.એસ.એસ. કેમ્પમાં જનજાગૃતિના કાર્યક્રમોનું વિશિષ્ટ આયોજન

ગાંધીનગર, તા.૫

લાયોનેસ કલબ ઑફ ગાંધીનગર તથા એમ. બી. પટેલ ઈંગ્લીશ મિડીયમ સ્કૂલના એન.એસ.એસ કેમ્પ દ્વારા કુડાસણ ખાતે વિવિધ સેવાકીય તેમજ જનજાગૃતિના કાર્યક્રમોનું આયોજન થયું.

તારીખ બીજી ડિસેમ્બરથી છઠ્ઠી ડિસેમ્બર દરમ્યાન યોજાનારા આ એન.એસ.એસ કેમ્પનું ઉદ્‌ઘાટન કડી કેમ્પસના ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલ, યુથ હૉસ્ટેલના ચેરમેન શ્રી ચૈતન્ય નિમાવત તથા ગાંધીનગર ડીસ્ટ્રીકટના ગ્રીનએમ્બેસેડર શ્રીમતી અંજના બેન નિમાવતના હસ્તે થયું હતું.

આ કેમ્પ દરમ્યાન લાયોનેસ કલબ દ્વારા કેલ્શીયમ ટેસ્ટ, આઈ ચેક-અપ, ડાયાબીટીસ તથા બ્લડપ્રેશર ચેક-અપ નું આયોજન થયું હતું. જેમાં આઈ ચેક-અપ દરમ્યાન રાહતદરે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. તથા સાત મોતિયાના ઓપરેશન પણ નોંધાયા હતા. આ દરમ્યાન યોજાયેલા અંધશ્રધ્ધા નિવારણના કાર્યક્રમમાં નિસર્ગ સાયન્સ સેન્ટરમાંથી પધારેલા શ્રી અનિલભાઈ પટેલે વિજ્ઞાનના પ્રયોગો કરીને - હાથમાંથી કંકુ ખરવું, નાળીયેરમાંથી ચુંદડી નીકળવી - જેવી ઘટનાઓનું નિદર્શન કરી ગ્રામજનોને જાગૃત કર્યા હતા. આ ઉપરાંત સરકારી શાળાના બાળકોને લખવા-વાંચવામાં પડતી તકલીફ વીશે એમ.બી. પટેલ ઈંગ્લીશ મિડીયમના બાળકો દ્વારા ઉપયોગી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.

આ એન.એસ કેમ્પને સફળ બનાવવામાં લાયોનેસ કલબ ઑફ ગાંધીનગરના પ્રમુખ આરતી ભટ્ટ, એન.એસ.એસ પ્રોગ્રામ ઓફીસર ડૉ. વર્ષાબેન પારેખ એમ. બી. પટેલ ઈંગ્લીશ મિડીયમ સ્કૂલના પ્રિન્સીપાલ શ્રી અર્પિતભાઈ ક્રિશ્ચિયન, કુડાસણ ગામના સરપંચશ્રી કાળાજી ઠાકોર, સરકારી શાળા કુડાસણના પ્રિન્સીપાલ શ્રી હસમુખભાઈ પટેલ, લાયોનેસ સેક્રેટરી મિનાક્ષી જયસિંઘાણી, એમ.બી. પટેલ સ્કૂલના ધોરણ-૧૧ કૉમર્સના વિદ્યાર્થીઓ, લાયોનેસ બહેનો તથા કુડાસણ ગામના અગ્રણીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

આ સમગ્ર સેવાઓમાં મેડીકલ કેમ્પ દરમ્યાન હાડકાના કેલ્શિયમ ટેસ્ટ માટે ફાર્મેડ કંપની, આઈ ચેક-અપ માટે "ઝામ ઑફીસર ડૉ. શિલ્પાબેન ભટ્ટ - જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી ગાંધીનગર, તથા ડાયાબીટીસ અને બીપી ચેક-અપ માટે શ્રધ્ધાદીપ ગ્રીનક્રોસ પેથોલોજી લેબોરેટરીનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

કોલવડા ખાતે આવેલ કમળાબેન કેશવલાલ પટેલ વિદ્યાલય ખાતે શાળલાના આચાર્યા શ્રીમતી ભાવના બા વાઘેલના અધ્યક્ષપદે એસએસસીના વિદ્યાર્થીઓ-વાલીઓની ચિંતન શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં બોર્ડની પરીક્ષાઓ માટે શાળા કક્ષાએ ભાવિ આયોજન કરવા તેમજ પરીક્ષાલક્ષી કાર્યક્રમો અને અભ્યાસલક્ષી રૂપરેખાનું માર્ગદર્શન આપવા સંબંધી કાર્યો હાથ ધરાયા હતા. પરીક્ષાના હાઉને દૂર કરી વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શકિતને ઉજાગર કરવા અંગે તેમજ વાલીઓને વિદ્યાર્થીઓની કાળજી લઈ પરીણામલક્ષી હકારાત્મક સૂચનો કરાયા હતા. આ શિબિરમાં કુલ ૧૧૫ વિદ્યાર્થીઓના વાલીગણે ભાગ લીધો હતો.

ગાંધીજીવન દર્શન વિશે વાર્તાલાપ યોજાશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીમિત્ર વર્તુળ ગાંધીનગરના ઉપક્રમે બા શ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલય, સેકટર-૮ ખાતે તા. ૭-૧૨-૨૦૧૩ને શનિવારે સવારે ૮.૩૦ કલાકે 'ગાંધી જીવન દર્શન' વિષે સંસ્થઆના સંવાહક અને સાહિત્યકારશ્રી ભાનુપ્રસાદ પુરાણી વાર્તાલાપ આપશે અને શાળાના તમામ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને ગાંધીજીની આત્મકથા (સંક્ષિપ્ત) સદ્‌વાંચન અર્થે ભેટ આપવામાં આવશે. જેમાં સૌ ગાંધી મિત્રોને ઉપસ્થિત રહેવા સોમાભાઈ પરમારે જણાવ્યું છે.

આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટની સ્પર્ધામાં નાણા વિભાગની ટીમનો વિજય

ગાંધીનગર, તા.૫

આંતર વિભાગીય સચિવાલય ક્રિકેટ ટુર્નામેન્ટની સ્પર્ધાની મેચ આજરોજ ગુરુવારે સે-૨૧ના ક્રિકેટના મેદાન ખાતે નાણા વિભાગ અને પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની ટીમ વચ્ચે રમાઈ હતી. પંચાયત વિભાગની ટીમે ટોસ જીતી પ્રથમ બેટીંગ લેતા ૩૦ ઓવરની મેચમાં ૨૩.૩ ઓવરમાં ૮૭ રનમાં ઓલઆઉટ થઈ ગયેલ, જેમા બેટીંગમાં તુષાર જોષી-૨૮ રન, એચ.એસ. રઘુવંશી-૧૫ રન મુખ્ય હતાં. અને બોલીંગમાં રઘુવંશી અને શ્રીરામ-૧-૧ વિકેટ મેળવી હતી.

નાણા વિભાગનો ૧૨.૩ ઓવરમાં ૨ વિકેટે ૮૯ રન કરતા ૮ વિકેટે ભવ્ય વિજય મેળવેલ છે. જેમાં બેટીંગમાં ધવલ અગ્રાવત-૨૧ રન (૪ ચોગ્ગા), સંદિપસિંહ ચાવડા-૪૮ રન નોટ આઉટ (૮ ચોગ્ગા અને ૨ સીકસ) અને શૈલેષ પ્રજાપતિ-૭ રન નોટ આઉટ (૧ ચોગ્ગો) મુખ્ય હતા. અને બોલીંગમાં ધવલ અગ્રાવત ૫.૩ ઓવરમાં ૨ મેઈડન ૭ રન ૫ વિકેટ, સંદિપસિંહ ચાવડા ૬ ઓવરમાં ૨ વિકેટ, ભરત ઠાકર અને અનિલ દેસાઈએ ૧-૧ વિકેટ મેળવી હતી.

નાણા વિભાગની ટીમનો ૮ વિકેટે ભવ્ય વિજય થયેલ છે. મેચમાં ઓલરાઉન્ડ દેખાવ બદલ ધવલ અગ્રાવતને મેન ઓફ ધ મેચ જાહેર કર્યા હોવાનું નાણા વિભાગની ટીમના મેનેજર દિનેશ દાણીએ જણાવ્યું છે.

હરિની દૃષ્ટિ...



એક હજાર રૂપિયા ચાંલ્લો કરવાનો છે એ પ્રમાણે ડીશમાં વાનગી લેજો...!!

ખેલમહાકુંભ-૧૩ અંતર્ગત રાજય કક્ષાએ ચૌધરી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓની પસંદગી

ગાંધીનગર, તા.૫

હાલમાં ચાલી રહેલા ખેલ મહાકુંભમાં જિલ્લાની અનેક શાળાઓ ભાગ લઈ પોતાનું કૌશલ્ય બતાવી રહી છે. જેમાં શહેરની જે.એમ.ચૌધરી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ જૂડો અને હોકી સ્પર્ધામાં ચમકી છે.

જિલ્લા પ્રશિક્ષણ કેન્દ્ર સે-૨૧ ખાતે યોજાયેલ જૂડો સ્પર્ધામાં શાળાની વિદ્યાર્થીનીઓ મેશ્વા ચૌધરી પ્રથમ, લલીતા ચૌધરી પ્રથમ, નિધિ ચૌધરી દ્વિતીય, રિંકલ ચૌધરી દ્વિતીય, જયશ્રી પટેલે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જયારે ટક વેન્ડો સ્પર્ધામાં માસુમ ચૌધરી પ્રથમ રહી હતી ત્યારે અન્ય ભાઈઓ અને બહેનોની જૂડો સ્પર્ધામાં રમિલા ચૌધરી પ્રથમ, સુરેખા ચૌધરી પ્રથમ, રિપલ ભાવસાર દ્વિતીય અને વિશ્વજીત બામણિયાએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

તમામ વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓ રાજય કક્ષાએ રમવા માટે જશે. આ વિદ્યાર્થીઓને શાળાનું ગૌરવ વધારવા બદલ હર્ષાબેન, સંતોકબેન, લલીતાબેને અભિનંદન પાઠવ્યા છે.

પે સેન્ટર શાળાઓને મળતી ગ્રાંટમાં ભ્રષ્ટાચારનાં આક્ષેપ

અમદાવાદ, તા.૦૫

સરકાર શિક્ષણમાંથી ભ્રષ્ટાચારને દૂર કરી આ ક્ષેત્રને પવિત્ર બનાવવાની વાતો કરે છે ત્યારે રાજયની પે સેન્ટર શાળાઓમાં સરકારની આ નીતિને નેવે મુકી બેફામ ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે. જિલ્લા પંચાયતોહસ્તક આવેલી પે સેન્ટર શાળાઓને બાળકોના શિક્ષણ માટે લાખો રૂપિયાની ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવી છે. જેમાં અન્ય વસ્તુઓની સાથોસાથ શાળા વિકાસની ગ્રાન્ટનો પણ સમાવેશ થાય છે. પણ આ ગ્રાન્ટનો શાળાના વિકાસના બદલે જે તે આચાર્યોએ એકબીજાના મેળાપીપણામાં અંગત વિકાસ માટે વાપરી નાંખી શાળા અને વિદ્યાર્થીઓની ગ્રાન્ટની રકમનો દુરૂપયોગ કરવામાં આવ્યો હોવાનાં આક્ષેપો થઈ રહ્યા છે.

રાજયમાં આવેલા પે સેન્ટર શાળાને દર વર્ષે શાળા શિક્ષણની રૂપિયા ૧૦ હજાર, શાળાના ઓરડા વગેરેના રિપેરીંગ ખર્ચ પેટે રૂપિયા ૧૦ હજાર તથા ગણિત અને વિજ્ઞાન જેવા ભૌતિક સાધનોની ગ્રાન્ટ માટે આશરે રૂપિયા ચાર હજાર મળી એક શાળાને રૂપિયા ૨૪ થી ૨૫ હજાર જેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે. આમ રાજયની પે સેન્ટર શાળાઓને મળી વર્ષે કરોડો રૂપિયાની ગ્રાન્ડ ફાળવવામાં આવી છે. જેમાં ચોંકાવનારી વાત એ છે કે આ ગ્રાન્ટનો તેના મુળ હેતુ માટે ઉપયોગ કરવામાં આવ્યો નથી. પે સેન્ટર શાળાના આચાર્યની જવાબદારી છે કે તમામ ગ્રાન્ટનો સાચો ઉપયોગ થાય તે જોવું. પણ મોટાભાગની શાળાના આચાર્યોએ પોતાની આ જવાબદારી નિભાવવાના બદલે ગ્રાન્ટની રકમમાંથી ખાયકી કરવામાં જ રસ દાખવ્યો હોવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે.

પરિણામ એ આવ્યું છે કે અનેક શાળાઓમાં વર્ગખંડના ઓરડા તેમજ બીજી જગ્યાએ રીપેરીંગ કરાયું નથી. જ્યાં થયું છે તેની ગુણવત્તા સાવ હલકી છે.

ભજનીક ચંદ્રકાંતભાઈ પંડ્યા અલખની ધૂણી ધખાવતા જ રહે એવી અનેક શુભેચ્છાઓ...

કેફિયત કલા સાધકની

આશા સરવૈયા

ભગવાનને અનુલક્ષીને ગવાયેલા કોઈ પણ પદ કે પદ્યને ભજન કહેવાય. જુદા જુદા દેવ દેવીઓને અનુલક્ષીને બહોળી ભાષાઓ, સંખ્યાઓમાં ભજનો ગવાય છે. જેમ ભોજનમાં પ્રભુ ભક્તિ ભળે ને ભોજન પ્રસાદી બની જાય તેમ જ કોઈ ગીતમાં પ્રભુની ભક્તિ ભળે એટલે ગીત ભજન બની જાય છે. આવા જ ભજનો, સંતવાણી, ડાયરાના કલાકાર અને ભજનીક ગાંધીનગરના ચંદ્રકાન્તભાઈ દેવરામભાઈ પંડ્યાનો પરિચય મેળવીએ.

અમદાવાદ જિલ્લાના, બાવળા તાલુકાના ખોબા જેવડા ગામ કાવિઠા(વતન)માં તા. ૧-૬-૧૯૬૮ના રોજ જન્મેલા ચંદ્રકાન્તભાઈને જન્મજાત સંગીતના સંસ્કારો ગળથૂંથીમાં જ સાંપડ્યા. પિતા દેવરામભાઈ પંડ્યા અને માતા શાંતાદેવીના વ્હાલસોયા પુત્ર ચંદ્રકાન્તને છ મહિનાની ઉંમરે પોલીયો થતાં માતા-પિતાએ અનેક પ્રકારના ઈલાજ આજ અને દવાદારૂ કરાવ્યા. પરંતુ ગામડામાંની સીમિત ડૉકટરી સવલતોને કારણે ચંદ્રકાન્તભાઈને પગે પોલીયો મટ્યો નહીં. માતાજીની જેવી મરજી એમ સ્વીકારીને માતા-પિતાએ ચંદ્રકાન્તને કાવીઠામાં પ્રાથમિક શિક્ષણ માટે શાળાએ મોકલ્યો. કાવીઠામાં ધોરણ-૧ થી ૭ના અભ્યાસ દરમ્યાન ચંદ્રકાન્તે અનેક સંગીતના કાર્યક્રમોમાં ભાગ લે.ા બાજુના 'ચલોડા' ગામની શાળામાં આંતર શાળા સંગીત સ્પર્ધા યોજાયેલ. જેમાં ભાગ લઈ ચંદ્રકાન્તભાઈએ પ્રથમ ઈનામ પ્રાપ્ત કરીને શિલ્ડ મેળવીને શાળાને ગૌરવ અપાવ્યું હતું.

માતા-પિતાના અવસાન થતાં ચંદ્રકાન્તભાઈ ૧૯૮૪માં પોતાના મોટાભાઈ અરવિંદભાઈ (જેઓ ગાંધીનગર નોકરી કરતા હતા) અને ભાભી મીનાબેનના ઘરે ગાંધીનગર આવી વસ્યા. ભાલપ્રદેશના આ ભાતીગળ કલાકારો ગાંધીનગર આવીને પ્રજ્ઞાચક્ષુ સંગીતકાર સ્વ. મંગલસિંહ સિંધાજી પાસે સંગીતની તાલીમ લેવાનું શરૂ કર્યું. જ્યારે માધ્યમિક શિક્ષણ માટે સેકટર-૧૫ની સરકારી શાળામાં જોડાયા. માધ્યમિક શાળઆના અભ્યાસ દરમ્યાન પણ ચંદ્રકાન્તભાઈએ અનેક કાર્યક્રમોમાં ભજન, ગરબા વિગેરે રજૂ કરીને ચાહના પ્રાપ્ત કરતા રહ્યા.

ગાવાની સાથે તબલાં વગાડવાનું પણ ચંદ્રકાન્તભાઈને ખૂબ જ ગમતું. આથી આપ મેળે જ કલાકો સુધી તબલા વગાડીને તેમાં પણ પારંગત બન્યા. આથી તબલા વાદન પણ ચંદ્રકાન્તભાઈની આગવી ઓળખ બની અને ૧૮ વર્ષની ઉંમરે તેઓ એક નામી તબલા વાદક બની ચૂક્યા હતા. ગાંધીનગરમાં અંગત સ્વજન સમા સિંધાસાહેબના માર્ગદર્શન નીચે ચંદ્રકાન્તભાઈએ ગાયન અને હાર્મોનીયમની સતત પાંચ વર્ષ સુધી સઘન તાલીમ મેળવી. એ સાથે જ તબલા વાદનની માસ્ટરીના કારણે ચંદ્રકાન્તભાઈએ ગુજરાતના પ્રખ્યાત ભજનિક અને લોકગાયક હેમંત ચૌહાણ સાથે બાર વર્ષ સુધી તબલાં સંગત કરીને ખૂબ લોકચાહના પ્રાપ્ત કરી.

સિંધાસાહેબ પાસેથી મેળવેલ તાલીમ બાદ ચંદ્રકાન્તભાઈએ ભજન, સંતવાણી વિગેરેના કાર્યક્રમો રજૂ કરવાનું શરૂ કર્યું. ગાંધીનગરના જ વરિષ્ઠ કલાકારો પુષ્પાબેન દૂધરેજિયા, સુલોચનાબેન વ્યાસ, ગોવિંદભાઈ ગઢવી વિગેરે સાથે કાર્યક્રમોમાં ભાગ લેવા લાગ્યા. ચંદ્રકાન્તભાઈના ફૈબા તરૂણાબેન પણ જાણીતા ભજનિક હોવાના કારણે ભજનોનો ખજાનો તેમની પાસેથી મેળવતા રહ્યા. તેઓના હલકદાર કંઠે ગવાતા ભજનો અને સંતવાણીથી તેમના ચાહક વર્ગમાં ચંદ્રકાન્તભાઈએ કાયમી સ્થાન મેળવ્યું. વારસામાં મેળવેલા ભક્તિ રસ વડે ચંદ્રકાન્તભાઈ અલખની ધૂણી ધખાવતા રહે છે. તેમના કંઠે તેમનું પ્રિય ભજન -

'હે જીવણ હવે દિવસ જાતા નથી..
લટકે મળોને મોહન મદમાતા રે,
હે જીવણ દિવસ હવે નથી જાતા..'

સાંભળવું એ પણ એ લ્હાવો છે. ૧૯૯૫માં ચંદ્રકાન્તભાઈએ 'સ્વર માધુર્ય' નામના પોતાના ગ્રૂપની સ્થાપના કરી અને સમગ્ર ગુજરાત તેમજ રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ વિગેરે રાજયોમાં ભજનો- સંતવાણી, ડાયરાઓના અસંખ્ય કાર્યક્રમો રજૂ કયા. ભજન મર્મીઓ અને સંતવાણી પ્રેમીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને ચંદ્રકાન્તભાઈના કાર્યક્રમો માણે છે.

૧૯૯૫થી ચંદ્રકાન્તભાઈ આકાશવાણીના બી હાઈ કલાકાર તરીકે ભજનોના કાર્યક્રમ રજૂ કે છે. દૂરદર્શન ઉપર પણ તેઓના અનેક કાર્યક્રમો રજૂ થયા છે. દાસી જીવણ, પાનબાઈ, કાબીરજી, મીરાંબાઈ, ગંગાસતી, નરસિંહ મહેતાના ભજનો સંભળાવીને ચંદ્રકાન્તભાઈએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા છે. ચંદ્રકાન્તભાઈએ ભજન- સંતવાણીના આલ્બમોમાં પણ પોતાનો સ્વર આપ્યો છે.

૧૯૯૭માં વલાદના વતની પ્રજ્ઞાબેન સાથે ચંદ્રકાન્તભાઈના લગ્ન થયા. પ્રજ્ઞાબેન પણ સંગીત પ્રેમી છે એટલું જ નહીં તેઓ પણ સુંદર ભજનો ગાય છે. પરંતુ વિકલાંગ હોવાના કારણે બહાર જવા-આવવાની તકલીફ અને ઘર-પરિવાર સંભાળવાની જવાબદારીના કારણે જાહેર કાર્યક્રમોમાં નથી જઈ શકતા.

ચંદ્રકાન્તભાઈના ગાંધીનગરમાં પણ અનેક જાહેર કાર્યક્રમો યોજાય છે. દરેક સેકટરમાં તેઓના ભક્તિરસથી તરબોળ કાર્યક્રમો માણવા ભકતો ઉમટે છે. ગાંધીનગર ટાઉન હોલ, સ્ટાફ ટ્રેઈનીંગ કોલેજ, પ્રાઈવેટ બેઠકો, પ્રાર્થના સભાઓ વિગેરેમાં 'સ્વર માધુર્ય' દ્વારા અનેક કાર્યક્રમો યોજાયા છે. ગાંધીનગરની 'સમર્પણ' મૂકબધિર શાળામાં વર્ષોથી ચંદ્રકાન્તભાઈ બાળકોને સંગીતની તાલીમ આપે છે. મૂક-બધિર બાળકોને તાલીમ આપવાની કપરી જવાબદારી સ્વ. કમલેશભાઈ જાની તથા તેમના પુત્ર વૈભવભાઈના સંપૂર્ણ સહકાર મદદ વડે તેઓ નિભાવે છે. ૧ બાળખથી શરૂ કરીને ૧૮૨ જેટલા બાળકોને ચંદ્રકાન્તભાઈએ તાલીમ આપીને નિઃસ્વાર્થ સેવાનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે. જે ખરેખર અભિનંદનીય છે

સુગમ સંગીત, શાસ્ત્રીય સંગીત, લોક સંગીત આધારીત ભજનોની બખુબી રજૂઆત ચંદ્રકાન્તભાઈ કરે છે. માતાજીના ગરબા, સ્તુતિ, ભેડીયા વિગેરે પણ ભાવપૂર્વક રજૂ કરે છે.

'માડી તારા ભેડીયે નમે મોટા ભૂપ,
હે મછરાળી મોગલ ભલે રે ,ઓઢ્યો,
આઈ તમે ભેડીયો, અખોતરને કુળદેવી મા,
તારા છોરૂડાની લેજે સંભાળ ખોડલ મોરી માત...'

વિગેરેની ચંદ્રકાન્તભાઈ ભાવકો સમક્ષ રજૂઆત કરીને સૌને ભાવવિભોર કરી મૂકે છે.

૧૯૯૫-૯૬માં ગાંધીનગર જલારામ સેવા સમાજના ઉપક્રમે યોજાયેલ ભજન સ્પર્ધામાં ચંદ્રકાન્તભાઈએ અશોકભાઈ ગણાત્રાના હસ્તે 'રજત ચંદ્રક' પ્રાપ્ત કર્યો હતો. જલારામ મંદિરમાં પણ ચંદ્રકાન્તભાઈ ભજનો ગાવા જાય છે. અપંગ માનવ મંડળ, ગાંધીનગર દ્વારા મોતીસિંહ આટોદરિયાના નેતૃત્વ હેઠળ દિલ્હી ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ગાંધીનગરની ટીમે અનેક મેડલો પ્રાપ્ત કર્યા હતા. જેમાં સંગીતક્ષેત્રનો મેડલ ચંદ્રકાન્તભાઈના ફાળે આવ્યો હતો. ભારતના રાષ્ટ્રપતિ મા.કે.આર. નારાયણની ગાંધીનગર મુલાકાત વખતે તેમની સમક્ષ રજૂ થયેલ કાર્યક્રમમાં ચંદ્રકાન્તભાઈએ ભાગ લીધો હતો અને રાષ્ટ્રપતિ તથા માનનીય અડવાણીજીના હસ્તે સન્માન મેળવવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું. યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ, માહિતી ખાતું, પ્રવાસન વિભાગ દ્વારા યોજાયેલ અનેક કાર્યક્રમોમાં ચંદ્રકાન્તભાઈએ પોતાના કંઠના કામણ પાથર્યા છે. અખંડ ધણીની સાચી ઓળખ માટે રચાયેલ આપણા લોકસાહિત્યના વિશાળ વટવૃક્ષને લાગેલા આવા સુંદર ભજનો રૂપી ફળોનો પરિપાક ચંદ્રકાન્તભાઈ પીરસ્યા જ કરે છે અને સંસ્કૃતિનું જતન કર્યા કરે છે. ઉપેન્દ્ર ત્રિવેદી દિગ્દર્શિત ખ્યાતનામ નાટક 'અભિનય સમ્રાટ'માં પણ ચંદ્રકાન્તભાઈ ઝળકયા હતા.

છેલ્લા ૧૯ વર્ષથી એટલે ૧૯૯૪થી દર વર્ષે સોમવતી અમાસની રાત્રીએ શહેરના સેકટર-૩૦ ખાતે આવેલા 'મુક્તિધામ' ખાતે સ્વજનોના આત્માની શાંતિ માટે પારેખકાકા, ચંદ્રકાન્તભાઈ અને અન્ય કલાકારો સંતવાણીની હેલી વાંસળીના સૂરો સાથે વરસાવે છે. અને સંતવાણી ભજનોનો લાભ અનેક નગરજનો મેળવીને સ્વજનોને શ્રદ્ધાંજલિ અર્પે છે.

૧૯૯૭થી ચંદ્રકાન્તભાઈ કોર્પોરેશન બેંક, ગાંધીનગર ખાતે પોતાની ફરજ બજાવે છે. સમગ્ર સ્ટાફના સહકારથી ચંદ્રકાન્તભાઈ પોતાની સંગીત સફળ 'એ' ગ્રેડમાં ખેડી શકયા છે.

ચંદ્રકાન્તભાઈ -પત્ની પ્રજ્ઞાબેન, બે પુત્રો સાહિલ(ધોરણ-૧૨) અને વિશાલ (ધોરણ-૧૦) તથા સાસુ દમયંતીબે